### ત્રણ વર્ષથી પીવાના પાણીની ગંભીર અછત છતાં તંત્ર ઉદાસીન

# ફતેપુરાના મદાર મહોલ્લામાં પાણીની સમસ્યાથી ત્રસ્ત મહિલાઓ રસ્તા પર ઉતરી

**ઉનાળામાં** સ્થિતિ વધુ વિકટ બનતા સ્થાનિકોનો પિત્તો ગયો, ઉગ્ર આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3

વડોદરા શહેરના ફતેપુરા વિસ્તારમાં આવેલા મદાર મહોલ્લામાં પીવાના પાણીની લાંબા સમયથી ચાલતી સમસ્યાને લઈને સ્થાનિક રહિશોમાં ભારે રોષ જોવા મળ્યો છે. વર્ષોથી પાણીની અછતનો સામનો કરી રહેલા વિસ્તારના લોકો, ખાસ કરીને મહિલાઓ, આજે રસ્તા પર ઉતરી આવ્યા હતા અને પાલિકા તંત્ર સામે જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. મહિલાઓએ સૂત્રોચ્ચાર કરીને પોતાની વ્યથા વ્યક્ત કરી હતી અને તાત્કાલિક ઉકેલની માંગ કરી હતી.

સ્થાનિક મહિલાઓના જણાવ્યા મુજબ, મદાર મહોલ્લામાં છેલ્લા ત્રણ વર્ષથી પીવાના પાણીની ગંભીર સમસ્યા યથાવત છે. વારંવાર રજૂઆતો અને અરજીઓ કરવા છતાં સમસ્યાના નિરાકરણ માટે કોઈ અસરકારક પગલાં ભરવામાં આવ્યા નથી. રહિશોનો આક્ષેપ છે કે વડોદરા મહાનગરપાલિકાના અધિકારીઓને અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆત કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા માત્ર આશ્વાસનો આપવામાં આવ્યા છે, પરંતુ જમીન પર કોઈ પરિણામ જોવા મળ્યું નથી.

ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે પાણીની તંગી વધુ વિકટ બની છે. પાણીના અભાવે ઘરોમાં રોજિંદું જીવન ખોરવાઈ ગયું છે. મહિલાઓને ઘરગથ્થુ કામકાજ માટે પાણી મેળવવા ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, જ્યારે વૃદ્ધો અને બાળકો પણ પરેશાન થઈ રહ્યા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, તહેવારો દરમિયાન પણ પૂરતા પ્રમાણમાં પાણી મળતું નથી, જેના કારણે લોકોમાં અસંતોષ વધ્યો છે.

વિરોધ પ્રદર્શન દરમિયાન મોટી સંખ્યામાં મહિલાઓ અને રહિશોએ પાલિકા તંત્ર વિરુદ્ધ આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે શુદ્ધ પીવાનું પાણી નાગરિકોનો મૂળભૂત અધિકાર છે અને તે ઉપલબ્ધ કરાવવાની જવાબદારી કોર્પોરેશનની છે. તેમ છતાં તંત્ર પોતાની ફરજ નિભાવવામાં નિષ્ફળ રહ્યું છે.

સ્થાનિકોએ ચેતવણી આપી છે કે જો આગામી દિવસોમાં પાણીની સમસ્યાનું કાયમી નિરાકરણ નહીં આવે તો પાલિકા કચેરી ખાતે ઉગ્ર આંદોલન કરવામાં આવશે. બીજી તરફ, સમગ્ર મામલે વડોદરા મહાનગરપાલિકાના સત્તાધીશો તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી, જેના કારણે સ્થાનિકોમાં રોષ વધુ વધી રહ્યો છે.



મદાર મહોલ્લામાં પીવાના પાણીની લાંબા સમયથી ચાલતી સમસ્યાને લઈને સ્થાનિક રહિશોમાં ભારે રોષ જોવા મળ્યો છે. વર્ષોથી પાણીની અછતનો સામનો કરી રહેલા વિસ્તારના લોકો, ખાસ કરીને મહિલાઓ, રસ્તા પર ઉતરી આવ્યા હતા અને પાલિકા તંત્ર સામે જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

## માંડવી વિસ્તારમાં નળમાંથી ગટરમિશ્રિત પાણી, 100થી વધુ પરિવારો પરેશાન

**છેલ્લા** 10 દિવસથી પીળું અને દુર્ગંધયુક્ત પાણી આવતા સ્થાનિકોમાં રોષ; રોગચાળાની ભીતિ વચ્ચે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેરના ઐતિહાસિક માંડવી વિસ્તારમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સામે આવી છે. જમનાભાઈ હોસ્પિટલ પાછળ આવેલા રહેણાંક વિસ્તારમાં છેલ્લા 10 દિવસથી નળમાં પીળા રંગનું અને દુર્ગંધયુક્ત પાણી આવતાં સ્થાનિક રહીશોમાં ભારે રોષ ફેલાયો છે. દૂષિત પાણીના કારણે લોકોના આરોગ્ય સામે જોખમ ઊભું થતાં રોગચાળાની ભીતિ પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.



સ્થાનિક સામાજિક કાર્યકર ફારુક સોનીના જણાવ્યા મુજબ, વડોદરા મહાનગરપાલિકાના વોર્ડ નં. 14 હેઠળ આવતા વિસ્તારમાં પીવાના પાણીની લાઈનમાં ડ્રેનેજનું ગંદુ પાણી ભળી જવાની સમસ્યા નવી નથી. હાલમાં જુબેર એપાર્ટમેન્ટ, ડાસુંમિયાનો ખાચો અને આસપાસના વિસ્તારોમાં આવેલા 100થી વધુ પરિવારો છેલ્લા ઘણા દિવસોથી દૂષિત પાણીનો સામનો કરી રહ્યા છે. નળમાં આવતું પાણી પીવા ઉપરાંત ઘરગથ્થુ ઉપયોગ માટે પણ યોગ્ય નથી. સ્થાનિકોનો આક્ષેપ છે કે આ સમસ્યા અંગે અગાઉ અનેક વખત પાલિકા તંત્રને રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. વિસ્તારની જૂની અને જર્જરિત ડ્રેનેજ લાઈનોના કારણે ગટરનું પાણી પીવાના પાણીની પાઈપલાઈનમાં ભળી જતું હોવાનું જણાવવામાં આવ્યું છે.

ઉનાળાની ગરમી વચ્ચે દૂષિત પાણીના કારણે ટાઈફોઈડ, કમળો, ઝાડા-ઊલટી સહિતના ચેપી રોગો ફાટી નીકળવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. સ્થાનિકોએ વડોદરા મહાનગરપાલિકાને તાત્કાલિક પાઈપલાઈનનું સમારકામ કરી શુદ્ધ પાણી પૂરું પાડવાની તેમજ વર્ષોથી ચાલતી સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની માંગ કરી છે.

## ખેતરમાં જંતુનાશક દવા ઉડતાં એકનું મોત, બે સારવાર હેઠળ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં બનેલી ત્રણ અલગ-અલગ ઘટનાઓમાં એક યુવાનનું મોત થયું છે, જ્યારે બે વ્યક્તિઓને તબિયત બગડતાં સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પાદરા તાલુકાના લુણા ગામે ખેતરમાં ભીંડાના પાકમાં જંતુનાશક દવા છાંટવાની તૈયારી દરમિયાન દવાની બોટલ ખોલતાં ઝેરી પ્રવાહી 23 વર્ષીય તખતસિંહ શંકરસિંહ ગોહિલના મોઢા પર ઉડ્યું હતું. ઝેરી અસરના કારણે તેની તબિયત લથડતા તેને સયાજી હોસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. પાદરા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. બીજી તરફ, છાણીમાં 25 વર્ષીય યુવકને રસ્તામાં અચાનક ખેંચ આવતાં બેભાન હાલતમાં હોસ્પિટલ ખસેડાયો હતો. જ્યારે વડોદરા રેલવે સ્ટેશન પાસે 44 વર્ષીય આધેડને ચક્કર આવતાં તેઓ ઢળી પડ્યા હતા. બંનેની સારવાર ચાલી રહી છે.

## 1,808 ખાલી મુખ્ય શિક્ષકોની જગ્યા ભરવા શિક્ષણ વિભાગનો આદેશ

(પ્રતિનિધિ) વડોદરા, તા.3

રાજ્યના શિક્ષણ વિભાગે પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તા સુધારવા મહત્વનો નિર્ણય લીધો છે. રાજ્યભરમાં ખાલી પડેલી HTAT મુખ્ય શિક્ષકોની 1,808 જગ્યાઓ તાત્કાલિક ધોરણે ભરવા માટે જિલ્લા તંત્રને સત્તાવાર પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. લાંબા સમયથી મુખ્ય શિક્ષકોની અછતને કારણે શાળાઓના વહીવટ અને શૈક્ષણિક દેખરેખની કામગીરી પર અસર પડી રહી હતી. શિક્ષણ વિભાગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને ભરતી પ્રક્રિયા ઝડપી પૂર્ણ કરવા સૂચના આપી છે. જિલ્લા કક્ષાએ પેન્ડિંગ કાર્યવાહી પૂર્ણ કરીને પાત્ર ઉમેદવારોને વહેલી તકે નિમણૂક આપવાની રહેશે. HTAT લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂકથી શાળાઓમાં વહીવટી કામગીરી વધુ સુચારુ બનશે અને શિક્ષણની ગુણવત્તામાં સુધારો થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. આ નિર્ણયથી નિમણૂકની રાહ જોઈ રહેલા હજારો HTAT પાસ ઉમેદવારોને રાહત મળશે.

### કુંભારવાડા પોલીસ સ્ટેશન સામેની ઘટનાથી લોકોમાં હાહાકાર

## વૃદ્ધ મહિલા કારચાલકે એક્ટિવા સવાર પરિવારને કચડ્યો, ભાઈ-બહેનને 50 ફૂટ સુધી ઢસડ્યા

**અકસ્માતમાં** ઇજાગ્રસ્ત થનાર એક જ પરિવારના ત્રણ સભ્યો, માતા, પુત્રી અને મામા



(પ્રતિનિધિ) વડોદરા. તા.3

વડોદરા શહેરના હરણી-વારસિયા રિંગ રોડ પર કુંભારવાડા પોલીસ સ્ટેશન સામે ગંભીર અકસ્માત સર્જાયો હતો. જ્યુબિલીબાગ વિસ્તારમાંથી ખરીદી અને કામકાજ પતાવી એક પરિવાર ટુ-વ્હીલર પર ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે પાછળથી પૂરપાટ ઝડપે આવેલી કારના વૃદ્ધ મહિલા ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટુ-વ્હીલરને જોરદાર ટક્કર મારી હતી.

ટક્કર એટલી ભયાનક હતી કે ટુ-વ્હીલર પર સવાર ભાઈ-બહેન રોડ પર પટકાઈ ગયા હતા. કારની વધુ ઝડપને કારણે મહિલા ચાલક સમયસર બ્રેક મારી શકી ન હતી અને બંનેને અંદાજે 50 ફૂટ સુધી રસ્તા પર ઘસડાતા રહ્યા હતા. અકસ્માતના દ્રશ્યો જોઈ સ્થાનિક લોકો અને રાહદારીઓમાં અફરાતફરી મચી ગઈ હતી. લોકોના બૂમાબૂમ બાદ કાર રોકાઈ હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, કાર સમયસર ન અટકી હોત તો મોટી જાનહાનિ સર્જાઈ શકી હોત.

અકસ્માતમાં ભાઈ અને બહેનને માથા તથા શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. રસ્તા પર ઘસડાવાને કારણે તેમના શરીર પર ઊંડા જખમો થયા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો અને પોલીસ કર્મચારીઓએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ બોલાવી બંને ઘાયલોને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. માતાનો આબાદ બચાવ થયો હોવાનું જાણવા મળ્યું છે.

અકસ્માત પોલીસ સ્ટેશન સામે જ બનતા પોલીસ સ્ટાફ તરત જ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે કારચાલક વૃદ્ધ મહિલાની અટકાયત કરી કાર કબજે લીધી છે. અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઘટનાને પગલે થોડા સમય માટે ટ્રાફિક જામ પણ સર્જાયો હતો.

### દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઇવે પર ભયાનક અકસ્માત

## લોખંડની એંગલો નીચે દબાયેલા ટ્રક ડ્રાઈવરનું દોઢ કલાકે રેસ્ક્યુ

**માતર** ટોલ પ્લાઝા નજીક ઉભેલી ટ્રકમાં પાછળથી ટ્રક ઘૂસી ગઈ; કરજણ ફાયર વિભાગની સમયસર કામગીરીથી બચ્યો જીવ




(પ્રતિનિધિ) વડોદરા, તા. 3

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર વડોદરા જિલ્લાના માતર ટોલ પ્લાઝા નજીક મોડી રાત્રે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં ટ્રક ચાલક લોખંડની એંગલોના જથ્થા નીચે દબાઈ જતાં જીવલેણ સ્થિતિમાં મુકાયો હતો. જોકે, કરજણ ફાયર વિભાગની ટીમે દોઢ કલાકની જહેમત બાદ સફળ રેસ્ક્યુ કરી તેનો જીવ બચાવ્યો હતો.

મળતી માહિતી મુજબ, મોડી રાત્રે આશરે 12:30 વાગ્યે માતર ટોલટેક્સ નજીક લોખંડનો જથ્થો ભરેલી એક ટ્રક ઉભી હતી. તે દરમિયાન પાછળથી પૂરઝડપે આવી રહેલી અને લોખંડની એંગલો ભરેલી બીજી ટ્રક અગમ્ય કારણોસર ઉભેલી ટ્રકના પાછળના ભાગે ધડાકાભેર અથડાઈ હતી.

અકસ્માત એટલો ગંભીર હતો કે અથડામણના કારણે ટ્રકનો આગળનો ભાગ કચડાઈ ગયો હતો. ટ્રકમાં ભરેલી લોખંડની એંગલો ખસી જતાં ડ્રાઈવર કેબિનમાં જ દબાઈ ગયો હતો અને બહાર નીકળી શક્યો નહોતો. ઘટનાને પગલે સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો

જાણ થતાં કરજણ ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી હતી. ફાયર જવાનોએ સૌપ્રથમ ભારે લોખંડની એંગલો હટાવવાની કામગીરી હાથ ધરી હતી. ત્યારબાદ રેસ્ક્યુ કટર સહિતના આધુનિક સાધનોની મદદથી ટ્રકના પતરા કાપી અંદર ફસાયેલા ડ્રાઈવર સુધી પહોંચવાનો પ્રયાસ કર્યો હતો.

લગભગ દોઢ કલાક સુધી ચાલેલા કઠિન રેસ્ક્યુ ઓપરેશન બાદ ડ્રાઈવરને જીવિત હાલતમાં બહાર કાઢી તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. ફાયર વિભાગની સમયસરની કામગીરીને સ્થાનિકોએ બિરદાવી હતી. અકસ્માત અંગે કરજણ પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

### નવા ચૂંટાયેલા પ્રતિનિધિઓની પ્રથમ બેઠક 5 જૂને મળશે

## સભાસદને કિડનીની સારવાર માટે આર્થિક સહાય, કરોડોના વિકાસ કામોનો એજન્ડા જાહેર

**ફાયર** ફાઈટર્સને નાગપુર ખાતે વિશેષ તાલીમ

(પ્રતિનિધિ) વડોદરા તા.3

વડોદરા મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મહત્વપૂર્ણ બેઠક આગામી 5 જૂન, શુક્રવારે સાંજે 4:30 કલાકે ખંડેરાવ માર્કેટ સ્થિત સમિતિખંડમાં યોજાશે. મ્યુનિસિપલ સેક્રેટરી ચિંતન દેસાઈ દ્વારા જાહેર કરાયેલી સૂચના મુજબ બેઠકમાં શહેરના વિકાસ, પરિવહન, હરિયાળી અને વહીવટી કામગીરીને લગતી અનેક મહત્વની દરખાસ્તો પર નિર્ણય લેવાશે.

બેઠકની કાર્યસૂચિમાં શહેર તથા વુડા વિસ્તાર માટે ઈ-હબ અને ઈલેક્ટ્રિક સિટી બસ સંચાલન પ્રોજેક્ટનો મુદ્દો ખાસ મહત્વનો છે. ટ્રાફિક સમસ્યાના નિવારણ અને આધુનિક જાહેર પરિવહન વ્યવસ્થા ઉભી કરવા માટે 'સ્પેશિયલ પર્પઝ વ્હીકલ' (SPV)ની રચના કરી તેને કંપની તરીકે નોંધણી કરાવવાની દરખાસ્ત મંજૂરી માટે રજૂ થશે. સાથે જ SPVના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં સિટી બસ પ્રોજેક્ટના અધિકારીઓને સ્થાન આપવા તથા અગાઉની એક નિમણૂક રદ કરવા અંગે પણ નિર્ણય લેવાશે.

શહેરને વધુ હરિયાળું બનાવવા પાર્ક્સ એન્ડ ગાર્ડન વિભાગ દ્વારા ઉત્તર, દક્ષિણ અને પૂર્વ ઝોનમાં પ્લાન્ટેશન કામગીરી માટે કરોડો રૂપિયાના વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ મંજૂર કરવાની દરખાસ્ત રજૂ કરાશે. ઉપરાંત બગીચા વિભાગમાં માનવદિન સપ્લાય માટે રૂ. 11.50 કરોડની મર્યાદાનું કામ પણ મંજૂરી માટે મૂકવામાં આવશે. વહીવટી બાબતોમાં ચીફ ઓડિટર કચેરીના પોસ્ટ ઓડિટ અહેવાલોની નોંધ લેવામાં આવશે. જ્યારે અગ્નિશમન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓને નાગપુર સ્થિત નેશનલ ફાયર સર્વિસ કોલેજમાં વિશેષ તાલીમ માટે સ્વખર્ચે મોકલવાની દરખાસ્ત પર પણ ચર્ચા થશે. આરોગ્ય વિભાગ દ્વારા મ્યુનિસિપલ સભાસદ વિનોદભાઈ ભરવાડને કિડની સારવાર માટે નિયમ મુજબ આર્થિક સહાય મંજૂર કરવાની દરખાસ્ત પણ રજૂ કરવામાં આવશે.

### એડવાન્સ વેરા રિબેટ યોજનાને મળી શકે મંજૂરી

વડોદરાના કરદાતાઓ માટે રાહતરૂપ સાબિત થઈ શકે તેવી 'એડવાન્સ વેરા પ્રોત્સાહક રિબેટ યોજના-2026-27'ને આ બેઠકમાં લીલીઝંડી મળવાની શક્યતા છે. યોજના અમલમાં આવ્યા બાદ મિલકત વેરાની આગોતરી ચુકવણી કરનાર નાગરિકોને વેરામાં વિશેષ રિબેટનો લાભ મળશે. સામાન્ય સભાની મંજૂરીની અપેક્ષાએ આ દરખાસ્તને સ્થાયી સમિતિમાં મંજૂરી અપાય તેવી શક્યતા હોવાથી કરદાતાઓમાં રસ જોવા મળી રહ્યો છે.

## કારેલીબાગની અજિતા નગર સોસાયટીમાં બંધ મકાનમાં આગ

**ગેસના** બે બોટલ સમયસર બહાર કાઢતા મોટી દુર્ઘટના ટળી

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

વડોદરા શહેરમાં આગ લાગવાનો સિલસિલો યથાવત રહ્યો છે. કારેલીબાગની અજિતા નગર સોસાયટી વિભાગ-2માં આવેલા એક બંધ મકાનમાં બપોરે અચાનક આગ ભભૂકી ઉઠતા ભારે દોડધામ મચી ગઈ હતી. બંધ મકાનમાંથી એકાએક ધુમાડાના ગોટેગોટા નીકળતા જોતાં આસપાસના રહીશોમાં ભયનો માહોલ ફેલાયો હતો.

સોસાયટીના સ્થાનિકોએ તાત્કાલિક ફાયર સિટી કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમમાં જાણ કરી હતી. બનાવની જાણ થતાં જ બદામડી બાગ ફાયર સ્ટેશનના જવાનો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ફાયરના જવાનોએ સૌપ્રથમ ઘરમાંથી ગેસના બે બોટલ સુરક્ષિત રીતે બહાર કાઢી મોટી દુર્ઘટના ટાળી હતી. ત્યારબાદ



પાણીનો મારો ચલાવી ગણતરીની મિનિટોમાં આગ પર કાબુ મેળવી લીધો હતો. સદનસીબે આગ લાગી ત્યારે મકાનમાં કોઈ હાજર ન હોવાથી જાનહાનિ થતા ટળી હતી. જોકે, આગની લપેટમાં આવવાથી ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. ફાયર અધિકારી રવિન્દ્ર કદમે જણાવ્યુ હતું કે,શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાની શક્યતા છે. હાલ પોલીસ અને ફાયર વિભાગ દ્વારા આગ લાગવાના ચોક્કસ કારણની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ગેસના બોટલ સમયસર બહાર કાઢવામાં ન આવ્યા હોત તો મોટો વિસ્ફોટ થઈ શક્યો હોત, પરંતુ ફાયર બ્રિગેડની ત્વરિત કામગીરીને કારણે મોટી જાનહાનિ ટળી ગઈ હતી.

## વડોદરામાં બે અલગ અકસ્માતો, બે રાહદારીઓ સહિત ત્રણને ઈજા

**દુમાડ** ચોકડી પાસે અજાણ્યા વાહને બે યુવકોને અડફેટે લીધા; અટલ બ્રિજ પર ટેમ્પો ડિવાઈડર સાથે અથડાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 3

વડોદરા શહેર અને આસપાસના વિસ્તારોમાં માર્ગ અકસ્માતોની ઘટનાઓ યથાવત જોવા મળી રહી છે. ગત રાત્રિથી આજે સવાર સુધીમાં બનેલા બે અલગ-અલગ અકસ્માતોમાં કુલ ત્રણ લોકોને ઈજાઓ પહોંચતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રથમ બનાવ દુમાડ ચોકડી નજીક બન્યો હતો. કરજણ તાલુકાના અટાલી ગામના રહેવાસી 21 વર્ષીય જયરામ અશ્વિનભાઈ વસાવા અને 22 વર્ષીય કમલેશ વસાવા કોઈ કામસર વડોદરા આવ્યા હતા. ગત રાત્રે આશરે 10:30 વાગ્યે બંને મિત્રો દુમાડ ચોકડી પાસે પગપાળા પસાર થઈ રહ્યા હતા ત્યારે પૂરપાટ ઝડપે આવેલા એક અજાણ્યા વાહને તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં બંને યુવકો રોડ પર ફંગોળાઈ ગયા હતા અને તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ વાહનચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. સ્થાનિક લોકોએ બંનેને સારવાર માટે હોસ્પિટલ ખસેડી પોલીસને જાણ કરી હતી.

બીજો અકસ્માત શહેરના અટલ બ્રિજ પર બન્યો હતો. વડસર રોડ વિસ્તારમાં રહેતો 22 વર્ષીય રવિ પોતાના 'છોટા હાથી' ટેમ્પો સાથે પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટેમ્પો રોડ વચ્ચે આવેલા સિમેન્ટના ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાયો હતો. અકસ્માતમાં ટેમ્પોના આગળના ભાગને ભારે નુકસાન થયું હતું, જ્યારે ચાલક રવિને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. સવારના સમયે ટ્રાફિક ઓછો હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. ઘટનાની જાણ થતાં લોકો દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

### બ્રીંગ ચિલ્ડ્રન બેક ટૂ સ્કૂલ અભિયાન હેઠળ 7 દિવસ સુધી સાંસદ-ધારાસભ્યો-કાઉન્સિલરો ઘરે-ઘરે જશે

## ડ્રોપઆઉટ 6,396ને શાળાએ પાછા લાવવા મેયર-કમિશનર વિદ્યાર્થીઓના દ્વારે

શહેરની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ધોરણ-1થી 10માં 16,774 વિદ્યાર્થીઓ ડ્રોપઆઉટ

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

વડોદરા શહેરની શાળાઓમાંથી ડ્રોપઆઉટ થયેલા વિદ્યાર્થીઓને ફરીથી શિક્ષણના મુખ્યપ્રવાહમાં લાવવા પ્રગતિનો પ્રવેશોત્સવ અંતર્ગત મેયર ગીતાબેન મકવાણા અને મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશબાબુ સહિતના પદાધિકારીઓએ વિદ્યાર્થીઓના ઘરે-ઘરે જઈ વાલીઓને સમજાવવાની ઝુંબેશ શરૂ કરી છે.

ગત વર્ષે વડોદરા શહેરની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ધોરણ-1થી 10માં 16,774 વિદ્યાર્થીઓ ડ્રોપઆઉટ થયા હતા. શિક્ષણ વિભાગના બ્રીંગ ચિલ્ડ્રન બેક ટૂ સ્કૂલ અભિયાન હેઠળ સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી, યુઆરસી સીઆરસી અને શાળાના



આચાર્ય-શિક્ષકોની ટીમે સઘન કામગીરી કરી તેમાંથી મોટાભાગના બાળકોને પાછા લાવવામાં સફળતા મળી છે. હાલ 6,396 વિદ્યાર્થીઓ હજુ ડ્રોપઆઉટ છે, જેમાં 2,893 વિદ્યાર્થીઓ સ્થળાંતરિત થયા છે, 2,891એ ભણવાની ના પાડી છે અને 666 વિદ્યાર્થીઓ અનટ્રેસેબલ છે. ભણવાની ના પાડનારા 2,891 વિદ્યાર્થીઓને પાછા લાવવા આજે મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશબાબુ, મેયર ગીતાબેન મકવાણા, ડે.મેયર આદિત્ય પટેલ સહિતના પદાધિકારીઓએ વિદ્યાર્થીઓના ઘરની મુલાકાત લીધી હતી. સ્થાનિક આગેવાનોની હાજરીમાં વાલીઓને બાળકોને ભણાવવાથી તેમનું ભવિષ્ય સુધરશે અને વડોદરાને શ્રેષ્ઠ નાગરિકો મળશે તેવી સમજ આપી નજીકની શાળામાં પ્રવેશની બાંહેધરી લેવામાં આવી. મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશબાબુ અને શાસનાધિકારી વિપુલ ભરતીયાએ સયાજીપુરા ગામ અને આજવા રોડ ગોકુલ નગરની મુલાકાત લીધી. અહીં રહેતી ડિમ્પલબેન ભરવાડ, ડીસા ભરવાડ, ઈશા ભરવાડ અને રાજલ ભરવાડ ધોરણ-8 પાસ કરી એક વર્ષથી ડ્રોપઆઉટ હતી. કમિશનરે આ ચારેય દીકરીઓને આગામી સત્રથી વંદના હાઈસ્કૂલમાં ધોરણ-9માં પ્રવેશ આપવાની બાંહેધરી આપી વાલીઓને દીકરીઓને ભણાવવા વિનંતી કરી હતી. ડે.મેયર આદિત્ય પટેલે રાવપુરા રેનબસેરા ખાતે પ્રદીપ બેલસરના ઘરે મુલાકાત લીધી. ધોરણ-8 બાદ શાળા છોડનાર પ્રદીપને પ્રોત્સાહિત કરી નજીકની શાળામાં પુનઃપ્રવેશ કરાવ્યો હતો. નોંધનીય છે કે, આગામી પ્રગતિનો પ્રવેશોત્સવ પહેલા શહેરના તમામ ડ્રોપઆઉટ બાળકોને મુખ્યપ્રવાહમાં લાવવા 7 દિવસ સુધી સાંસદ, ધારાસભ્યો અને કાઉન્સિલરો પણ ઘરે-ઘરે જઈને વાલીઓને સમજાવશે અને બાકી રહેલા 6,000 વિદ્યાર્થીઓને શાળાએ પાછા લાવવાના પ્રયાસો કરશે.

### મેયરે નવાપુરામાં 3 બાળકોને શાળાએ પાછા મોકલ્યા

મેયર ગીતાબેન મકવાણા અને નગર પ્રા. શિક્ષણ સમિતિના અધ્યક્ષ અંજનાબેન ઠક્કરે નવાપુરા ગોદડીયા વાસ વિસ્તારમાં મુલાકાત લીધી. અંશ ગોદડીયાએ ધોરણ-4થી અભ્યાસ છોડ્યો હતો, જેના માતા-પિતાને સમજાવી પૂજ્ય ડોંગરેજી મહારાજ પ્રા. શાળામાં પ્રવેશ અપાવ્યો હતો, સાથે કાજલબેન ગોદડીયા અને સાચી ગોદડીયાને પણ નજીકની શાળામાં પ્રવેશ કરાવ્યો હતો.

## રેલવે સ્ટેશન પર વિજિલન્સની તપાસમાં 3.25 લાખનો ગેરકાયદે ગુટખાનો જથ્થો ઝડપાયો

**મૈસુર** સ્પેશિયલ ફેર એક્સપ્રેસના SLRD કોચમાંથી 1,771 પેકેટ જપ્ત, બે શખ્સો ટિકિટ વગર ઝડપાયા

(પ્રતિનિધિ) વડોદરા,તા.3

પશ્ચિમ રેલ્વે વિજિલન્સ ટીમે BSR રેલ્વે સ્ટેશન પર મોટી કાર્યવાહી હાથ ધરી હતી. ટ્રેન નં. 06282 મૈસુર સ્પેશિયલ ફેર એક્સપ્રેસમાં હાથ ધરવામાં આવેલી તકેદારી તપાસ દરમિયાન SLRD કોચમાંથી રૂ. 3,25,678ની કિંમતનો ગેરકાયદે તમાકુ-ગુટખાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે.

વેસ્ટર્ન રેલવે વિજિલન્સ ટીમે આરપીએફ બીએસઆર જીઆરપી અને નાયબ એસએસ વાણિજ્યિક બીએસઆરના સહયોગથી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન રોહિત મિશ્રા અને પંકજ સાહુ નામના બે વ્યક્તિઓ પ્રતિબંધિત તમાકુ/



પાન મસાલા/ગુટકા ઉત્પાદનોના પરિવહનમાં સંડોવાયેલા મળી આવ્યા હતા. આરોપીઓ પાસેથી 8 પીવીસી બેગમાંથી વિવિધ બ્રાન્ડના કુલ 1,771 પેકેટ જપ્ત કરવામાં આવ્યા હતા, જેની કિંમત રૂ. 3,25,678 થાય છે. બંને વ્યક્તિઓ માન્ય ટિકિટ કે મુસાફરી સત્તા વિના મુસાફરી કરતા પકડાયા હતા. સ્વતંત્ર સાક્ષીઓ અને રેલ્વે અધિકારીઓની હાજરીમાં બીએસઆર ખાતે પંચનામું અને જપ્ત માલની ઈન્વેન્ટરી તૈયાર કરવામાં આવી હતી. જપ્ત કરાયેલ માલ, પકડાયેલા વ્યક્તિઓ અને સંબંધિત દસ્તાવેજો આગળની કાર્યવાહી માટે સિનિયર PI/GRP/BSRને સોંપવામાં આવ્યા હતા. આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS), 2023ની કલમ 223, 275 અને 3(5); ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ, 2006ની કલમ 30(2)(a), 58 અને 59; અને રેલ્વે એક્ટ, 1989ની કલમ 147, 155 અને 162 હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. રેલ્વે મારફતે પ્રતિબંધિત ગુટખાની હેરાફેરી અટકાવવા વિજિલન્સ વિભાગે તપાસ વધુ સઘન બનાવી છે.